સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

હતાં એમાં અંગસ્વરૂપ હવે અવિશ્વાસ જાગે છે,
ધબકતાં'તાં એના હૃદયે, હવે અવિશ્વાસ જાગે છે,
રૂઠી-ઉઠી ગઇ મમતા, હવે અવિશ્વાસ જાગે છે
જોડાય છે કજોડે પણ, હવે અવિશ્વાસ જાગે છે
(અવિશ્વાસ પ્રસ્તાવની પેરવીમાં મમતા)

હાઈકુ

રાષ્ટ્રીયતાનું
ગૂંચવાયું કોકડું -
કોકડાઝારે..
(આસામ સમસ્યા)

પંપાળ્યા કરો!
તમે એકતરફી -
તો સદ્‌ભાવના!
(સંવાદિતા સપ્તાહ શરૂ)

ચિંતન

સચ્છિદ્રો મધ્ય કુટિલઃ કર્ણઃ સ્વર્ણસ્ય ભાજનમ્ ।
ધિગ્ધેવં નિર્મલં ચક્ષુઃ પાત્રં કજ્જલ ભસ્મ નઃ ॥

'કાન છિદ્રવાળો, વચ્ચેથી વાંકો હોવા છતાં તેને સુવર્ણના આભૂષણથી શોભા પ્રાપ્ત થાય છે જ્યારે આંખ નિર્મળ હોવા છતાં અને 'અણમોલ રત્ન' કહેવાતું હોવા છતાં તેને દીવાના મસ-કાજળની ભસ્મને યોગ્ય ગણાય છે આમાં નશીબને ધિક્કાર આપવા સિવાય બીજું શું છે?'

આ જગતમાં પુરૂષાર્થ કર્યા પછી પણ જો નશીબનો સહકાર ન હોય તો પુરૂષાર્થ પાણી જ ભરતો રહે છે, આપણે જાણીએ છીએ કે મોટા સારા વિદ્વાન લોકો ભૂખ-બેકારી વચ્ચે બે ટંક ખાવાનાં સાંસા સહન કરતા હોય છે જ્યારે બે ચોપડી ભણેલા દાઉદો કે પ્રધાનશ્રીઓ સત્તાના સિંહાસને-સમૃદ્ધિના ભંડાર ભોગવતા હોય છે. ઘણીવાર નોકરી ધંધામાં કોઇના પરિશ્રમનો પરિપાક કોઇ અન્યને જ પ્રાપ્ત થાય છે.

ખેડૂત પરિશ્રમ દ્વારા લોહી-પાણી એક કરી પાક મેળવે છે જે વેપારી ખરીદી એવી રીતે કૃત્રિમ અછત ઊભી કરી એમાંથી વિના મહેનતે 'કરોડો' કરી લે છે. આને કહેવાય 'નસીબ'ના ખેલ.

અહીં સામાન્ય દૃષ્ટાંત આપતાં કાનને સુવર્ણ ઘરેણાં મળે છે અને આંખને કાજળ એ દૃષ્ટાંત દ્વારા નશીબના ખેલ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

સુવિચાર

- જે વ્યક્તિ મૂર્ખાઓ સમક્ષ પોતાની વિદ્વતા વ્યક્ત કરે છે તેને વિદ્વાનો મૂર્ખ જ માને છે - ડિઝરાયલી
- મૂર્ખને પોતાના કરતાં અધિક વ્યક્તિ પ્રશંસા કરવા માટે (સાંભળવા માટે) પ્રાપ્ત થઇ જ જાય છે - ઇવાયલી
- તરૂણ-યુવા વર્ગને વૃદ્ધ લોકો મૂર્ખ માને છે જ્યારે વૃદ્ધને, તરૂણ યુવા વર્ગ મૂર્ખ માને છે - જોર્જ બેપમેન
- એક શિક્ષિત મૂર્ખ, એક અજ્ઞાની કરતાં વધારે મૂર્ખ હોય છે - મોલિયર
- મૂર્ખ પોતાને સર્વમાં બુદ્ધિશાળી માટે છે જ્યારે સાચો બુદ્ધિશાળી પોતાને અજ્ઞાની માને છે - શેક્સપિયર
- જે પૂછ્યા વિના બોલે, સલાહ આપે, અભિપ્રાય આપે અને નિમંત્રણ વિના પહોચી જાય તે મૂર્ખ છે - વેદવ્યાસ
- વિના કારણ ક્રોધ, નિરૂપયોગી સંવાદ, વિના કારણ પુરૂષાર્થ, ખોટી-બિન જરૂરી પૂછપરછ, અંધ વિશ્વાસ આ બધાં મૂર્ખનાં લક્ષણ છે - જોન્સન

બોધ કથા

આજકાલ ચૂંટણીને ધ્યાન રાખી પક્ષો વ્યાખ્યાનમાં વચનોના બોંબ ફોડે છે. અમે આવશું તો આમ કરશું - તેમ કરશું - વગેરે પણ, ચૂંટાયા પછી ત્રણ વર્ષે તો હિસાબ તપાસે - આપણે આપેલાં પોકળ વચનમાંથી કંઇ આપોઆપ થઇ ગયું છે કે કેમ?!

રાવણની નાભિમાં અમૃતકુંભ હતો તેથી તેનું મૃત્યુ સરળ ન હતું. જીવ જતો ન હતો. શ્રીરામે, લક્ષ્મણને કહ્યું કે શ્રી રાવણ મહા વિદ્વાન પંડિત હતા તેની પાસેથી તું અંતિમ 'બોધ' સલાહ લેવા જા.. જે કંઇ જ્ઞાન આપે તે ધ્યાનથી સાંભળી આચરણમાં મૂકજે.

લક્ષ્મણે વિદ્વાન-પંડિત રાવણને વંદન કર્યા અને કહ્યું આપના જીવનનો અનુભવ જેવો કોઇ મંત્ર સલાહ આપો, મને રામ ભગવાને મોકલ્યો છે. રાવણ કહે જીવનમાં બે વાતનો ખાસ ખ્યાલ રાખજે.

(૧) સત્કાર્ય કરવામાં ક્યારેય વિલંબ ન કરવો. (૨) દુષ્કૃત્ય કરવામાં ક્યારેય ઉતાવળ ન કરવી.

આ હું જાણતો હતો છતાં હું એને જીવનમાં અપનાવી ન શક્યો અને બુદ્ધિ-શક્તિ હોવા છતાં હું જીવનમાં નિષ્ફળ રહ્યો અને મારો તથા મારા પરિવારનો સર્વનાશ થયો.

માનવતા હજુ મરી પરવાની નથી, તેને ફરી જાગૃત કરવાની છે, લાગણીના સંબંધો વિના તો માનવ પશુથી પણ બદત્તર બની જશે

નવાં કલેવર
- નટવર હેડાઉ

સવારનો દશેક વાગ્યાનો સમય ચાંદી જેવો ચમકતો સૂર્યનો તડકો, સ્વચ્છ આકાશ, દૂર દૂર હાઇવે પર પસાર થતાં વાહનોનો અવાજ સામે ભડભડ ભળતી ત્રણ ચિતાઓ. ક્યાંક લાકડાં ડાઘુઓ, તો બીજી તરફ ફ્રજના ભાગ રૂપે કે લોકલાજે આવી ચડેલા આડોશી-પાડોશી, સગાસંબંધીઓ કે સ્ટાફના લોકો, કોઇ ઊંચા નીચા થતા હતા તો કોઇ વારંવાર કાંડાની ઘડિયાળ તરફ નજર કરી લેતા હતા. બે ત્રણ જણ મોબાઇલ પર દૂર જઇને હસી હસીને કંઇક વાત કરતા દેખાતા હતા.

આ તરફ ગેસ આધારિત સ્મશાન હતું ત્યાં હંસાના મૃતદેહને હમણાં જ ગેસ ચેમ્બરમાં મુકવામાં આવ્યો હતો. ત્યાં નરોત્તમ અને તેનો ફઇનો દીકરો પ્રવિણ દૂર બાંકડા પર બેઠા હતા.

સામે બરમુડા અને ટીશર્ટ પહેરેલા બે છોકરાઓ બેઠા હતા. તેની નજીકમાં ત્રણેક વર્ષનો એક બાળક દોડાદોડ કરતો હતો. અચાનક તેને કંઇક યાદ આવ્યું એટલે એ દોડતો પ્રવિણ અને નરોત્તમ બેઠા હતા ત્યાં આવ્યો.

'ગ્રાન્ડ પા, આ બાજુ આવો,'

'કેમ શું છે?'

'દાદીને લીફ્ટમાં લઇ ગયા તેમાં ડેડીએ મને કહ્યું કે આ લાલ બટન દબાવ. તેથી મેં દબાવેલું પણ લીલું દબાવ્યું હોત તો દાદી જલ્દી બહાર આવત ને? જુઓ કેટલીવાર લાગી.'

યસ, યુ આર રાઇટ પણ બેટા જા હમણાં ડેડી પાસે બેસી જા,' પ્રવિણભાઇએ ખભે રાખેલી ખેસથી આંસુ લૂંછતા કહ્યું.

'આ છોકરો તમને શું પૂછતો હતો?' નરોત્તમે પ્રવિણને પૂછ્યું.

'એ બિચારો એમ સમજતો હતો કે ફ્લેટ અને હોસ્પિટલમાં લીફ્ટમાં તેની દાદીને લઇ જતાં હતા તેમ લઇ ગયા છે. એને ક્યાં ખબર છે દાદીને ગેસ ચેમ્બરમાં મુક્યા છે હવે એ ક્યારેય પાછાં નહીં આવે.' કહેતાં પ્રવિણની આંખો ભીંજાઇ ગઇ.

'ભાઇ એ તો એક દિવસ બધાંને એજ માર્ગે જવાનું છે. હંસા બિચારી તેની પીડામાંથી છૂટી ગઇ.' નરોત્તમે પ્રવિણને આશ્વાસન આપતાં કહ્યું.

ત્યારે પ્રવિણ દૂર દૂર સુધી નજર ગોડાવી જોઇ રહ્યો હતો. કદાચ પોતાનું ભવિષ્ય કે હંસાએ ભોગવેલ પીડાની એ ક્ષણે જેમાંથી આજે તેનો છૂટકારો થઇ ગયો હતો. ક્યાં મહાનગરી મુંબઇ... તેની દોડધામ અને ઘડિયાળને કાંટે જીવાતી જિંદગી અને ક્યાં મુક્તિધામની આ નિરવ શાંતિ. પ્રવેશતાં જ મોટો દરવાજો સ્વચ્છ સુંદર રસ્તા. બંને તરફ હરિયાળીથી સુશોભિત બગીચા તેમાં દેવદેવીઓની પ્રતિભાઓ રસ્તાની બંને બાજુ સંસારની વિટંબણાઓમાંથી મુક્તિઓ એન જીવનનો રાહ બતાવનાર સંતોની મૂર્તિઓ અને દૂર લાકડામાં મૃતદેહને અગ્નિ સંસ્કાર આપતાં ભડભડ બળતી ચિતાઓ અને તેની અગ્નિ જવાળાઓ, ઊંચે ઉડતા ધુમાડાના ગોટાઓ, માનવની જીજીવિષા, મોહ, માયા અને સંઘર્ષ પછી જિંદગીનો આ અંતિમ મુકામ, છતાં જીવે ત્યાં સુધી કેટલી જંજાળ એ વિચારમાં પ્રવિણ ખોવાયેલો હતો ત્યાં ટીશર્ટ અને બરમુડા પહેરીને સ્મશાનમાં આવી ગયેલો તેના બંને પુત્રો પૈકી મોટો ક્લ્પેશ નજીક આવ્યો અને તેણે નરોત્તમને પૂછ્યું.

'અંકલ અહીંયા ક્યાંક વડાપાઉં કે ચ્હા કોફી મળશે.'

'ના, બેટા આ સ્મશાન છે અહીં એવું બધું ન મળે.'

'અમારે મુંબઇમાં તો મળે છે. મડદું બળતાં બે-ત્રણ કલાક થાય ત્યાં સુધી બોર થઇ જવાય. આટલું સરસ સ્મશાન બનાવ્યું છે તો પણ....'

'જો નરોત્તમ આ આજની જનરેશન, તેને જરાય શરમ આવે છે. દાદીની ચિતાનો અગ્નિ પ્રજ્જવલે છે ને ભાઇને નાસ્તા પાણીનું સૂઝે છે.' પ્રવિણે અફ્સોસ વ્યક્ત કરતાં કહ્યું.'

'બેટા, આપણે હજુ ઘેર જઇ ન્હાવું પડશે. તે પછી...'

'નો... નો... અંકલ ત્યાં સુધી કઇ રીતે વેઇટ થાય. આ મારો ક્રીશ પણ ભૂખ્યો થયો છે. રસ્તામાં ક્યાંક ગાડી ઊભી રાખજો, તેને ચોકલેટ કે પેસ્ટી અપાવવી પડશે, અને આપણે પણ... મને તો બેડ-ટી પણ મળી નથી. બ્રેકફાસ્ટનો ટાઇમ પણ જતો રહ્યો.'

'ઓહ! નો શટ અપ. તું જરા ચુપ રહીશ.' પ્રવિણનો ગુસ્સો ભભુકી ઉઠ્યો.

'પ્રવિણભાઇ શાંત થાવ, છોકરૂં છે.'

'ના... ના... નરોત્તમ તું જેવું સમજે છે અવું નથી. આ લોકોને કોઇની કંઇ પડી જ નથી. કંઇ લાગણી, સંવેદના જેવું રહ્યું જ નથી. બિચારી હંસાએ આખી જિંદગી ઢસરડા કરી આ લોકોની પાછળ જાતને નિચોવી નાંખી. કોઇની સેવા કરવામાં તેણે કશી મણા રાખી નહોતી. બધાંને કેટલો પ્રેમ કરતી હતી પણ તેના અંતિમ દિવસોનો હું સાક્ષી રહ્યો છું. જ્યારે તેના ગુડા ભાંગ્યા ત્યારે તેને રાખવા તૈયાર ન હતું. કાકુભાઇના ગુજરી ગયા પછી હંસાએ આખા ઘરના કામની જવાબદારી ઉપાડી લીધી હતી. સવારનાં પાંચ વાગ્યે ઊઠીને પાણી ભરવાનું, સાફ્સફાઇ બધાં માટે રહ્યા નાસ્તો... તેણે પોતાના શરીરનો તો ક્યારેય વિચાર સુધ્ધાં નહોતો કર્યો. જેને જે જોઇએ તે માટે હંસા હાજર જ હોય. રહ્યા નાસ્તો કરી બધા પોતપોતાને કામે જાય ત્યારે હંસા ફટાફટ રસોઇ બનાવી નાંખે, સૌને પ્રેમથી જમાડે. ઘરનાં દીકરા-વહુ સૌ જમીને આડે પડખે થયાં હોય ત્યારે હંસા બધાંનાં કપડાં ધોતી હોય, કપડાં સુકવીને બધા માટે રહ્યા બનાવે, જ્યાર પગ વાળીને બેસે જ નહીં. ભજન ગાતી જાય ને કામ કરતી જાય. તેના ચહેરા પર ક્યારેય થાક કે કંટાળો તમને જોવા જ ન મળે કાયમ સ્મિત ફરકતું હોય.'

'હંસા ભાભીને તો બે દીકરીઓ ખરૂં ને?' નરોત્તમે પૂછ્યું.

'હાં મોટી નયનાને જામનગર પરણાવી છે, ને નાનીને કચ્છમાં. હમણાં હંસા બિમાર થઇ જતાં બને દીકરીઓ અને જમાઇ આવેલાં. નાની દીકરી નમ્રતાથી હંસાની હાલત જોવાઇ નહીં એટલે એણે કહ્યું મારી મમ્મીને હું મારા ઘેર લઇ જઇશ.'

'શું થયેલું એમને?' નરોત્તમ પૂછ્યું.

'છેલ્લા ઘણા વખતથી ડાયાબિટીસ અને બી.પી.ની તકલીફો હતી જ પણ એ ક્યારેક કોઇને કરે જ નહીં. જાતે જઇને દવા લઇ આવે. પણ છેલ્લા પંદરેક દિવસથી પથારીવશ થઇ ગયેલી ત્યારે ઘરનાં સૌને લાગ્યું કે જાણે આભ તૂટી પડ્યું. એક તો હંસા જે બધાનું કામ કરી આપતી હતી તે દરેકે પોતે કરવાનું માથે આવ્યું અને બીજું તેની સેવા કરવાનું, એટલે આ મારા બેટાઓ એ હંસાના દીકરી જમાઇને કહ્યું કે આને લઇ જાવ. જે ખર્ચો થશે એ અને આપીશું સેવા કરવાનો ટાઇમ અમારી પાસે નથી.'

'ઓહ! તો વાત એમ છે.'

'હાં, એટલે હંસાની નાની દીકરી નમ્રતા તેની માંને કચ્છમાં લઇ જવા માંગતી હતી. પણ અમદાવાદ આવતાં જ એની તબિયત બગડી. અને હોસ્પિટલમાં દાખલ કરે તે પહેલાં એનું પ્રાણ પંખેરૂં ઉડી ગયું.' પ્રવિણની આંખો ફરી ભિંજાઇ ગઇ.

'તમારી વાત સાચી છે પણ ઇશ્વરને જે ઠીક લાગ્યું તે ખરૂં.' નરોત્તમે કહ્યું.

'એ તો બધું ઠીક છે ભાઇ પણ આ બધું જોયા પછી મને તો મારો વિચાર આવે છે. મારી ઉંમર પણ પાંસઠ થવા આવી. હજું તંદુરસ્ત છું એટલે કામ કર્યે જાઉં છું. પણ મારાથી જે દિવસે કામ નહીં થાય ત્યારે... કહેતાં પ્રવિણભાઇ રડી પડ્યા.'

'પ્રવિણ આ હંસા ભાભીની વાત સાંભળીને મને પણ વિચાર એ જ આવે છે. આજની આ જનરેશનને થઇ શું ગયું છે કે પછી આપણે તેમના ઉછેરમાં કંઇ ભૂલ કરી છે. તે આટલા બધા સ્વાર્થી અને સેલ્ફીસ કેમ થઇ ગયા છે.' નરોત્તમ બોલ્યો.

'આ બાબત કંઇ આપણા એકલાની નથી. સમાજમાં ઘણાં કુટુંબોમાં આવી હાલત પ્રવર્તતી હશે. શું આ વિષે વિચારવા જેવું નથી.' કહેતાં પ્રવિણ ઊભો થયો.

'દાદા, અગ્નિ સંસ્કાર પતી ગયો છે. તમારે અસ્થિફૂલ જોઇએ તો પાછળ આવો. આ કુલડી લેતા આવજો.' સ્મશાનમાં ગેસ ચેમ્બર મશીનની વ્યવસ્થા સંભાળતા છોકરાએ આવીને કહ્યું.

'પ્રવિણ જેવું તું વિચારે છે એવું સાવ નથી. માનવતા હજુ મરી પરવાની નથી. તેને ફરી જાગૃત કરવાની છે. લાગણીના સંબંધો વિના તો માનવ પશુથી પણ બદત્તર બની જશે.'

બંને આ વાતો કરતા હતા ત્યાં અસ્થિફૂલની માટીની કુલડી લઇ પેલા યુવાને પ્રવિણના હાથમાં આપી. ત્યારે 'સ્મિત સાથે લાગણી સભર સૌના કામ કરી આપતી હંસાનો ચહેરો પ્રવિણની નજર સામે તરવરી રહ્યો.'

- vanvihari@gmail.com

નૂતન વર્ષાભિનંદન... ગિફ્ટની આપલેમાં સાત્ત્વિક આનંદ ગાયબ...!!

સત્કર્મો ખીણમાં પાડેલાં પડઘાં જેવા અને અરીસામાં, આપેલાં સ્મિત જેવા છે, એ આનંદીત થઇ પાછા આવે છે

Hello ફ્રેન્ડસ!
- સંજય થોરાત

નૂતન વર્ષાભિનંદન... સાથે સૌને નવાં વર્ષની અનેક હાર્દિક શુભેચ્છાઓ, આખું વર્ષ બેટરી ચાર્જ રહે એવી બે મસ્ત વાર્તાઓ સાથે હેલો ફ્રેન્ડ્સની રાપચીક શરૂઆત...

● દિવાળી ભેટ...

કોઇનેય કંઇક આપવું હોય, તો શું આપવું અને અને હિસાબ કઇ રીતે રાખવો?

એક ગુજરાતી વ્યાપારી હરિન ભટ્ટે ધંધામાં પુષ્કળ પૈસો કમાવ્યો અને નામનાય મેળવી. પણ અર્થશાસ્ત્રનાં કાગળીયાનાં હિસાબોના ગણિતે એમને બહુ આનંદ ના આપ્યો... એમને પહેલેથી જ પેઇન્ટિંગ તરફ રસ હતો આપણે સુંદર મિનિએચર પેઇન્ટિંગ કરી શકીએ છીએ એવું એમને કાયમ લાગતું... એક દિવસ અચાનક જ એમણે એમનો ધીકતો ધંધો સંકેલી લીધો, કામને રામ રામ કરી દીધું, આર્થિક રીતે તો સધ્ધર હતાં જ હવે બાકીનાં વર્ષો ફક્ત કલર-બ્રશ કે કેનવાસ સાથે ગાળવાનો મનસુબો કરી લીધો!!

જાતે જાતે તો કેટલું શીખી શકાશે? અને આપણે સારાં પેઇન્ટર નહીં બની શકીએ એવું વિચારી હરિનભાઇ ગુરૂની શોધમાં નીકળ્યાં, ફરતાં ફરતાં છેક કચ્છનાં રાપર તાલુકનાં એક નાનાં કસ્બામાં પહોંચ્યાં ત્યાં તેમને રંજનબેન નામનાં એક ગરીબ બેન મળ્યાં, એ એટલાં ગરીબ કે એમની ઝૂંપડીમાં બે ટંકનું ખાવાનુંય મળતું હશે કે નહીં? એવી શંકા જાગે. પણ બેન અત્યંત આનંદી અને ઘરકામ પતે એટલે ચિત્ર બનાવવાં બેસી જાય... અદ્‌ભૂત ચિત્રકલા અને ખંતથી તેઓ ખુશખુશાલ હતાં.

હરિનભાઇએ બહેનને વિનંતી કરી કે મને પેઇન્ટિંગ શીખવાડો. થોડીક આનાકાની બાદ બહેને હા પાડી, આ ભાઇ એમનાં ઘરે જ રહીને ચિત્રકામ શીખવા લાગ્યાં. જોતજોતામાં વર્ષ પતવાં આવ્યું સામે દિવાળીનો તહેવાર હતો. ચિત્રકામનું શિક્ષણ પણ પતવાં આવેલું, હરિનભાઇ પરત પોતાનાં ઘરે ગાંધીનગર આવવાં નીકળી પડ્યાં... દિવાળીની સરસ ઉજવણી થઇ નવાં ચિત્રોએ ઘર સજાવ્યું અને તહેવાર પતતાં ફરી હરિનભાઇ રાપર જવાની તૈયારી કરવાં લાગ્યાં. એમણે રાપર જતાં પહેલાં બે મોટી સુટકેસ ભરી ગિફ્ટ લીધી પેલાં ચિત્રકાર બહેન માટે અને થોડી ઘણી પેલાં કસ્બામાં વસતાં અન્ય લોકો માટે...

ખુશખુશાલ થઇ પેલી ગિફ્ટની બેંગ પેલાં બહેનનાં હાથમાં આપી પણ પેલાં ચિત્રકાર બહેન તો આ ગિફ્ટ જોઇ રડવા જ લાગ્યા, પછી શાંત થઇ બોલ્યાં, 'તું તારી ગિફ્ટ

પકડ અને હમણાં ને હમણાં અહીંથી ચાલતી પકડ, આજથી તારો ને મારો સંબંધ પુરો, ફરી ક્યારેય અહીં આવતો નહીં.' આ બહેનને અચાનક કેમ આવું થયું? આપણે શું ભૂલ કરી? હરિનભાઇને કંઇ સમજાયું જ નહીં?

વ્યથીત થયેલાં હરિનભાઇએ અનેક વિનંતી કરી ત્યારે રંજનબેન બોલ્યાં, 'આ ભેટ આપતાં પહેલાં આપણે બંને સમાન હતા, માથે ધન, મળે તો ખાવાનું અને હાથમાં બ્રશ-કલર. ચિત્રકામનો મસ્ત આનંદ આપણે મેળવતાં હતા. તે આ ગિફ્ટ આપી અને મિત્રતામાં વ્યવહાર વચ્ચે લાવ્યો, મારાં ઘરમાં શું નહોતું એ બધું તે નોંધી લીધું... હવે આપણે પહેલાંની જેમ ફક્ત ચિત્રોનાં રંગોથી બંધાઇ શકીએ એમ નથી. આપણે સંબંધ સાચવીએ એટલે સામેની વ્યક્તિ પાસે શું નથી? એ જોવાનું નથી હોતું પણ શું છે? અને એમાંથી કેટલો આનંદ મળશે અને આપણે એ વ્યક્તિને એનાથી કેટલો ખુશ કરીશું એમાં છે. આ વાત જ્યારે તને સમજાશે ત્યારે માણસાઇનું સાચું મૂલ્ય ખબર પડશે.'

કોઇને કંઇક ગિફ્ટ આપવી એટલે એ માત્ર પૈસા કે વસ્તુ જ નથી હોતી એ સમજવાની જરૂર છે, એકબીજાને મળવાથી, પ્રેમની વાતોથી કે કલાથી ભાવ કેળવાય છે, ગિફ્ટની બેગો આપવાથી નહીં... હરિનભાઇ ગરીબ મહિલાની શ્રીમંત વાતોથી ડઘાઇને દિવાળી ગિફ્ટની બેગને તાકી રહ્યાં અને પોતે બહેનને ઓળખવામાં ખાઇ ગયેલી થાપથી પસ્તાઇ રહ્યાં હતાં!!

● દ્રાક્ષ... ખટમીઠ્ઠા સ્વાદવાળી...

મંદિરનાં આંગણામાં આવેલાં આશ્રમનું બારણું ખખડ્યું અને આશ્રમમાં કામ કરતાં સેવકે બારણું ખોલ્યું. સામે એક ખેડૂત ઊભો હતો એનાં હાથમાં મધ્મધતી દ્રાક્ષનો ટોપલો હતો. ખેડૂત બોલ્યો, 'ભાઇ, મારી દ્રાક્ષની વાડીમાં પાકેલી આ સિઝનની શ્રેષ્ઠ દ્રાક્ષ છે, હું તમારા માટે ભેટ તરીકે લાવ્યો છું, દિવાળી છે એટલે મારી આ ભેટ સ્વીકાર કરો.'

સેવક બોલ્યો, 'ગુરૂજી આરામ કરે છે, એ ઉટશે એટલે એમને આ દ્રાક્ષનો ટોપલો આપી દઇશ.' ખેડૂત બોલ્યો, 'ભાઇ, આ દ્રાશ તમારાં ગુરૂજી માટે નહીં પણ હું તમારાં માટે જ લાવ્યો છું, જરા યાદ કરો બે વર્ષ પહેલાં ખુબ દુકાળ પડેલો અને હું દેવાનાં ડુંગર હેઠળ દબાયેલો હતો, અને આત્મહત્યા કરવાની તૈયારીમાં જ હતો. એ દિવસે તમે મને બચાવ્યો, પાણી પીડવાવ્યું અને તમારી થાળીમાંથી જ મને જમાડ્યો અને એટલે જ હું બચી ગયો, અને આજે આ દિવસ જોઇ રહ્યો છું. એટલે મારા તરફથી આ નાનકડી ભેટ!!'

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

૨૧મી નવેમ્બર

● 'ભારતરત્ન' મહાન વૈજ્ઞાનિક ડો. સી.વી. રામનની પુણ્યતિથિ. કોઇ પણ માધ્યમમાંથી પ્રસાર થતી પ્રકાશના વક્રીભવનને કારણે તેમાં બદલાતાં રંગ વિષે 'રામન ઇફેક્ટ' તરીકે જાણીતી શોધ કરી. રોમન સ્પેક્ટ્રોસ્કોપ બનાવ્યું. ૨૧-૧૧-૧૯૭૦માં અવસાન થયું.



● દત્ત ઉપાસનાના પ્રચારક રંગ અવધૂતજીનો જન્મ - ૧૮૯૮. ભણવામાં અગ્રેસર, સંસ્કૃત, અંગ્રેજીના પ્રભુત્વવાળા રાષ્ટ્રભક્ત. નારેશ્વરના તરીકે ઓળખાતા રંગ અવધૂતજીએ ૧૯-૧૧-૧૯૬૮માં જીવનલીલા સંકેલી.

● ૧૯૪૭ - આઝાદ ભારતની પહેલી ટપાલ ટિકીટ સાડા ત્રણ આનાવાળી બહાર પાડી.

● ૧૮૮૫ - અમદાવાદમાં પહેલી આર્ટ્સ કોલેજ સ્થપાઇ.

● ૧૮૫૩ - મહારાજા ગંગાધરરાવ, ઝાંસીના રાજવીનું અવસાન.

દુનિયા આખી ઊગતાં સૂરજને પૂજતી હોય ત્યારે છઠ્ઠના લોકોત્સવમાં ઘેર ઘેર આથમતા સૂર્યને વિધિવિધાનપૂર્વક અર્ધ્ય આપતી શ્રધ્ધાળુ બહેનોને નિહાળવી એ પણ એક લહાવો છે

છઠ-દુર્ઘટનાનો સંદેશ
- કેશુભાઇ દેસાઇ

ગુજરાતમાં જે મહિના નવરાત્રી મને દિવાળીનો છે, એથી સવાયો મહિમા પૂર્વ ભારતની પ્રજામાં 'છઠ પૂજા' નો છે. કારતક સુદ છઠને એ લોકો સૂર્યષ્ઠી તરીકે ઊજવે છે. સૂર્ય જાગતો જોગંદર છે - પ્રત્યક્ષ દેવતા છે. સમસ્ત સૃષ્ટિ સૂર્યના આશરેછે. એની ઉર્જા થકી પૃથ્વી પર જીવસૃષ્ટિ પોષાય છે; એની ગરમીથી સમુદ્રના જળનું બાષ્પીભવન થઇ બાળકો બંધાય છે અને વૃષ્ટિ થાય છે. સૂર્ય જીવનદાયક છે. જન્મકુંડળીમાં એ આત્માનો કારક ગણાય છે. વિજ્ઞાનની નજરે સૂર્ય એક સ્થિર તારો છે. પૃથ્વી સહિત તમામ ગ્રહો એની ફરતે ફેરફુદરડી રમે છે. સૂર્ય પિતા છે. બ્રહ્માંડમાં આવા અનેક સૂર્યો છે અને એ દરેક સૂર્યમંડળમાં પૃથ્વી જેવા અનેક ગ્રહો છે.

સૂર્યપૂજા એ આદિમાનવે શરૂ કરેલી પ્રકૃતિ પૂજાનો જ એક ભાગ છે. ભારતમાં સૂર્યની વિશેષ કૃપા વરસતી રહે છે. આપણો દેશ એ અજવાળાં રેલાવયો દેશ છે. સૂર્યને જ્યોતિષ શાસ્ત્રમાં સંતાનનો કારક પણ કહ્યો છે. એ જ રીતે એ સત્તાનો કારક પણ ગણાય છે. રાજસ્થાનનું જોધપુર અને આપણું સુરત 'સૂર્યનગરી' તરીકે જાણીતાં નગરો છે. તાપી 'સૂર્યતનયા' સૂર્યપુત્રી ગણાય છે. સૂર્યષષ્ઠી તે સૂર્યનો જન્મોત્સવ દિવસ છે.

બિહાર અને પૂર્વ ઉત્તરપ્રદેશમાં સૂર્યષષ્ઠી - લોકોભાષામાં 'છઠ' સૌથી વધારે લોકપ્રિય લોકોત્સવ છે. ખાસ કરીને એ સુહાગણ મહિલાઓનો તહેવાર છે. સ્ત્રીઓ પોતાની કૂખની ભૂખ ભાંગવા અને સંતાનોને યોગક્ષેમ માટે આશીર્વાદ માગવા હોંશે હોંશે - અત્યંત શ્રધ્ધાપૂર્વક આ વ્રત કરતી હોય છે. સૂર્યષષ્ઠી અગાઉ ત્રણ દિવસથી તહેવારના વિવિધ કર્મકાંડ ચાલુ થઇ જાય છે. છઠની સાંજે જળમાં માથાબોળ નાહીને ભીનાં કપડે સૂર્યને અર્ધ્ય અપાય છે. આથમતા સૂરજને અર્ધ્ય અપાય છે. આથમતા સૂરજને અર્ધ્ય આપવાની આ વિશિષ્ટ પ્રથાથી ગુજરાતીઓ મહદંશે અજાણ હોય તે સ્વાભાવિક છે. દુનિયા આખી ઊગતાં સૂરજને પૂજતી હોય ત્યારે છઠ્ઠના લોકોત્સવમાં ઘેર ઘેર આથમતા સૂર્યને વિધિવિધાનપૂર્વક અર્ધ્ય આપતી શ્રધ્ધાળુ બહેનોને નિહાળવી એ પણ એક લહાવો છે. જો કે છેલ્લાં કેટલાંક વર્ષથી છઠ્ઠની ઉજવણી સમસ્ત દેશમાં ફેલાઇ ગઇ છે. મુંબઇમાં છઠ્ઠ ઉજવવા નિમિત્તે વરવું રાજકારણ પણ રંધાતું રહ્યું છે. દિલ્હીમાં હવે છઠ ઘેર ઘેર પહોંચી ગઇ છે. બિહારી જયાં જયાં ગયો ત્યાં એની લાડીલી 'છઠીમૈયા' ને સાથે લઇ ગયો છે. એ રીતે છઠ આપણા સુરત જેવા શહેરોમાં પ્રવેશી છે.

છઠ મહોત્સવ એ રાષ્ટ્રીય લોકોત્સવ તરીકે ઓળખાય એવી પ્રત્યેક બિહારીની મનીષા રહ્યા કરી છે. ભારત જેવા વિશાળ, બહુરંગી રાષ્ટ્રમાં આવા લોકોત્સવ વરસોવરસ વ્યાપક સ્વરૂપમાં ઉજવાય તે ઈચ્છનીય પણ ગણાય. 'ઉત્સવ પ્રિયાઃ ખલુ જનાઃ ॥' જનસાધારણને આવાં પર્વ ખૂબ ગમે છે. બિહારમાં છેલ્લાં કેટલાંક વર્ષથી છઠ પૂજાએ અત્યંત વિશાળ સ્વરૂપ ધારણ કર્યું છે. એ દિવસે આથમતા સૂરજને અર્ધ્ય આપી આખી રાત લોકો સાંસ્કૃતિક કાર્યક્રમો યોજે છે. વળતી સવારે ઊગતા સૂરજને અર્ધ્ય આપી છઠ પૂજાનું સમાપન કરવામાં આવે છે. છઠ પૂજા નિમિતે ત્રણ દિવસ સુધી વ્રત - ઉપવાસ અને અનુષ્ઠાન ચાલતાં રહે છે. (મૂળે આ પર્વ સંતાનને સૂર્ય દેવતાના આશીર્વાદ સાંપડે, એવા ઉદ્દેશથી શરૂ થયેલું આપણે ત્યાં પણ 'રાંદલ' તેડવાની પ્રથા હજી ક્યાંક અકબંધ જળવાઈ છે, આવું જ કંઈક, રાંદલ કહેતાં 'રન્નાદે' એ સૂર્યની પત્નીનું નભ છે. એ સંતતિ આપનારી ગણાતી આવી છે. 'પગલીનો પાડનાર ઘો ને રાંદલ મા!'

આ વખતની છઠ પૂજા બિહારના પાટનગર પટણા માટે ગોઝારી નીવડી છે. પટણા ગંગા કિનારે વસેલું ઐતિહાસિક શહેર છે. મગધની રાજધાની 'પાટલીપુત્ર' કાળક્રમે 'પટણા' નામે ઓળખાતી થઈ. એનો છઠ મહોત્સવ દેશ - વિદેશના સહેલાણીઓને આકર્ષતો રહ્યો છે. રાજ્યનું વહીવટી તંત્ર ગંગાના વિવિધ ઘાટ શણગારી - સજાવી શ્રધ્ધાળુઓની સુવિધાનો બરાબર ખ્યાલ રાખે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)